ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Month

મુખપત્ર



વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-     છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯   અંક : ૧૪/૧૫   સળંગ અંક : ૨૦૫/૨૦૬   ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૨૫

: અધ્યક્ષ :

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

# શ્રી સારસ્વત મુખપત્રમાં જાહેરાત માટે સંપર્કઃ

**સારસ્વત સંપાદકઃ અમીત પંડયા (રાકેશભાઈ) : ૯૯૭૪૫ ૨૫૨૩૨**

**સારસ્વત સહ સંપાદકઃ દિપક પટેલ : ૯૪૨૭૩ ૧૧૯૩૯**

**ગુજરાત રાજ્યની લગભગ ત્રણ હજારથી વધુ જેટલી શાળાઓમાં દર બે મહીને રાજ્ય આચાર્ય સંઘ દ્વારા શ્રી સારસ્વત મુખપત્ર મોકલવામાં આવે છે.**

શ્રી સારસ્વત મુખપત્રમાં શૈક્ષણિક લેખો તેમજ વહીવટી પત્રો છાપવામાં આવે છે જેથી દરેક આચાર્ય વાંચન કરે છે તથા ચિંતન કરે છે. આ અંક ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની www.shreesaraswat.com વેબસાઈટમાં મુકવામાં આવે છે તેમજ રાજ્યના વોટ્સએપ ગૃપમાં મુકવામાં આવે છે.

## -: શ્રી સારસ્વત મુખપત્રમાં જાહેરાત માટે દર :-

- શ્રી સારસ્વત મુખપત્રના પાછળના પેજ ઉપર ફોર કલર છ (૬) અંકમાં જાહેરાત માટે ૨,૦૦,૦૦૦/- રૂપીયા (બે લાખ રૂપીયા)

  જો ફક્ત એક (૧) અંકમાં એક જ વખત જાહેરાત આપવી હોય તો ૩૫,૦૦૦/-રૂપીયા (પાંત્રીસ હજાર રૂપીયા)
- શ્રી સારસ્વત મુખપત્રના પાછળના પેજની પાછળ(અંદરનું પેજ) ઉપર ફોર કલર છ (૬) અંકમાં જાહેરાત માટે ૧,૫૦,૦૦૦/- રૂપીયા (એક લાખ પચાસ હજાર રૂપીયા)

  એક (૧) અંકમાં એક જ વખત જાહેરાત આપવી હોય તો ૩૦,૦૦૦/-રૂપીયા (ત્રીસ હજાર રૂપીયા)
- શ્રી સારસ્વત મુખપત્રના આગળના ટાઈટલ પેજની પાછળ(અંદરનું પેજ) ઉપર ફોર કલર છ (૬) અંકમાં જાહેરાત માટે ૧,૭૫,૦૦૦/- રૂપીયા (એક લાખ પંચોતેર હજાર રૂપીયા)

  એક (૧) અંકમાં એક જ વખત જાહેરાત આપવી હોય તો ૩૦,૦૦૦/-રૂપીયા (ત્રીસ હજાર રૂપીયા)
- અંદરના બેલ્ક એન્ડ વાઈટ પેજના એક વખત અંકમાં જાહેરાત માટે દર ૫,૦૦૦/-રૂપીયા (પાંચ હજાર રૂપીયા)

**ભાનુભાઈ પટેલ** (પ્રમુખ)

**અમીત પંડ્યા** (સારસ્વત સંપાદક)

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૧૪/૧૫ સળંગ અંક : ૨૦૫/૨૦૬ ફેબ્રુઆરી/માર્ચ : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૧૯ અંક-૧૪/૧૫ સળંગ અંક : ૨૦૫/૨૦૬ ફેબ્રુઆરી/માર્ચ : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**


## અનુક્રમણિકા


1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ........ 05
2. સારસ્વત સંપાદકનો પત્ર ........ 07
3. મહામંત્રીશ્રીનો પત્ર ........ 09
4. 21મી સદીના કૌશલ્યો, અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનું શાળેય શિક્ષણ
   - ડૉ. નીરવ એન. ઠક્કર ........ 11
5. पढ़ाई का विज्ञान-६ ........ - પ્રાંજલભાઈ જોષી ........ 19
6. ગુણવત્તાનો ગુણાકાર અને ચોકસાઈનો ચમત્કાર
   - દિનેશ માંકડ ........ 24
7. આચાર્ય સજ્જતા (મુઝે પહેચાનો...) .... - મહેશભાઈ શર્મા ........ 27
8. સ્વતંત્રતા કે સ્વચ્છંદતા ........ - પ્રિ. જાગૃતિબેન પટેલ ........ 29
9. આપણી આવતી કાલ એટલે AI, પડકાર યુવા પેઢી માટે...
   - જી. એસ. દેધરોટીયા ........ 31




**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

સારસ્વત મિત્રો,

નમસ્કાર...

આપ સૌ કુશળ હશો.

મિત્રો, પરીક્ષાની મોસમમાં આપ સૌ અત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની જાહેર પરીક્ષાઓમાં જુદા જુદા પ્રકારની કામગીરીમાં વ્યસ્ત હશો. આશા રાખીએ કે વર્ષ દરમ્યાન કરેલ સખત મહેનત નું પરિણામ પણ ચોક્કસ સારું મળશે. પરીક્ષા બાદ ઘણા બધા સારસ્વત મિત્રો મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોના નિયામક તરીકેની જવાબદારી વહન કરવાના છે અને ત્યારબાદ આપણી સ્થાનિક પરીક્ષાઓમાં આપણે સૌ વ્યસ્ત રહેવાના છીએ. ટૂંકમાં, આખો માસ આપણે સૌ જુદી જુદી કામગીરીમાં જોતરાયેલા રહેવાના છીએ. મિત્રો, આપણા સંગઠનની શક્તિને કારણે જ આપણે ૦૧/૦૪/૨૦૦૫ પહેલાના કર્મચારીઓને પેન્શનનો લાભ અપાવી શક્યા છીએ. ટેકનિકલ બાબતોના કારણે કેટલાક મિત્રો રહી જતા હતા તે બાબતનો પત્ર પણ સરકારશ્રી એ હમણા જ કર્યો જેનાથી આપ સૌ વાકેફ છો. તાજેતરમાં જ આચાર્યની ભરતી કરવામાં સફળ રહ્યા છીએ. હાલ જૂના શિક્ષકોની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૨૫ સુધીમાં ૧૦,૦૦૦ જેટલા શિક્ષણ સહાયક તેમજ ક્લાર્ક અને પટાવાળાની મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે ત્યારે ક્લાર્ક અને પટાવાળાની સત્વરે ભરતી માટે પણ રજુઆત કરેલી છે. ચાલુ સાલના શૈક્ષણિક અધિવેશનમાં શૈક્ષણિક ગોષ્ઠિમાં સહભાગી થયા અને અધિવેશનના સંસ્મરણો હજુ સ્મૃતિપટ પર અંકિત થયેલા જ હશે. અધિવેશનના સંભારણા રૂપે સ્મૃતિ ભેટ પણ દરેક જિલ્લાઓમાં આપ સુધી

પહોંચી ગઈ હશે. વધુમાં આપ સૌએ એપ્રિલ માસની ૧૦ તારીખ સુધીમાં ઘટક સંઘની જોડાણ ફી તેમજ 'સારસ્વત' મુખપત્રની પાવતી બુક પણ દરેક જિલ્લામાં મોકલેલ છે તો તેનું લવાજમ પણ સમયસર જમા કરાવવા અનુરોધ છે.

સારસ્વત મિત્રો, આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણે કલ્યાણનિધિ બે લાખથી વધારીને રૂપિયા ત્રણ લાખ કરી છે ત્યારે સમગ્ર રાજ્યના એક પણ આચાર્ય કલ્યાણનિધિના સભ્ય બનવાથી વંચિત ન રહે તે આપણા સૌની જવાબદારી છે.

**"સંગઠન જ બળવત્તર છે".**

આપના જિલ્લાનો કોઈપણ પ્રશ્ન હોય તો જિલ્લા આચાર્ય સંઘના લેટરપેડ ઉપર લખી મોકલી આપશો જેથી રાજ્યકક્ષાએ પુરાવા સહિત રજૂઆત કરી શકાય. આચાર્ય તરીકે મિત્રો આપણે જે સંસ્થામાં છીએ તે શાળાના બાળકો તેમજ તે શાળાની ભૌતિક સુવિધા વધારવા આપણામાં રહેલી તમામ કાર્યશક્તિ, કુશળતા અને કુનેહનો સાચી દિશામાં ઉપયોગ કરીશું. આપણા પ્રશ્નો તેમજ આર્થિક લાભ અને આચાર્ય પરિવાર માટે સંગઠન હંમેશા જાગૃત છે અને રહેશે તેવી આપ સૌને ખાત્રી આપું છું. આપણા જિલ્લા સંગઠનને હજુ વધુ મજબુત બનાવવા આપ સૌ એક અને નેક બની પ્રયત્ન કરશો. શિક્ષણના બદલાતા પ્રવાહમાં આપણે સફળતાના શિખરો સર કરી પોતાના નામથી શાળાની ઓળખ થાય તે દિશામાં મહેનત કરીએ અને તમામ મિત્રો સફળતા મેળવે તેવી પ્રાર્થના સાથે સૌને વંદન.

**''સંઘે શક્તિ કલૌ યુગ''**


**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



## સંપાદકશ્રીનો પત્ર



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

સારસ્વત મિત્રો,

કુશળ હશો જ...

નમસ્કાર...

આપના સાથ-સહકારથી ફેબ્રુઆરી-૨૦૨૪ થી અત્યાર સુધી જેમ જેમ માર્ગદર્શન મળતું ગયું અને અનુભવ થતા ગયા તેમ તેમ અમો ‘શ્રી સારસ્વત’ મુખપત્ર અંકમાં જરૂરી સુધારા કરતા ગયા અને સૌ સારસ્વત મિત્રોને નિયમિત અંક મળે તેવા પૂરતા પ્રમાણમાં પ્રયત્ન કરતા રહ્યા છીએ. તેમ છતાં હજી જે પણ ઊણપ હશે તે અમે 100% પૂરી કરવા માટે દિલથી પ્રયત્ન કરીશું.

હવે આપણે પોતે જાગૃત થઈ આપણે આપણી આજુબાજુની કોઈપણ શાળાના આચાર્ય ‘શ્રી સારસ્વત’ મુખપત્રના સભ્ય બનવામાં રહી ના જાય તે ખાસ ધ્યાન રાખી તેઓ સભ્ય બન્યા કે નહીં તે ફોન કરી પુછી લઈશું. આપણે આ વખતે રાજ્યના ચાર હજાર આચાર્ય સભ્યની નોંધણી થાય તેવું લક્ષ્ય રાખ્યું છે અને ત્યાં સુધી આપના સહકારથી ત્યાં સુધી પહોંચવાનું નક્કી કરેલ છે.

આ એક સંગઠનનું કામ છે.. આપણે વધુમાં વધુ સભ્યની નોંધણી કરાવી આપના જિલ્લાના સંગઠનની એકતા જરૂર બતાવીશું...

ગત વર્ષે આપણી વેબસાઇટમાં સુધારા-વધારા કરી દરેક જિલ્લામાં જે જિલ્લાને જે રીતે અનુકૂળ હોય તે રીતે ‘શ્રી સારસ્વત’ મુખપત્ર અંક મંગાવવા માટે ગૃપ પાડેલ અને તે જે ગૃપ હોય તે ગૃપના તમામ સારસ્વત તે ગૃપના એક સરનામે કુરિયર કરતા આવેલ છીએ. તેમ છતાં હજી પણ તેમાં આપે વધુ ચોકસાઈ કરી ગૃપ વિચારીને નક્કી કરીને લખીશું તો મેળવવામાં સરળતા રહેશે અને નિયમિત મળી જશે.

'શ્રી સારસ્વત'ની પાવતી બુકમાં મહિનામાં પ્રિન્ટમાં ભૂલ થયેલ છે, જે 01-04-2025 થી 31-03-2026 સમજવાની રહેશે.

મિત્રો, વર્ષ દરમ્યાન આપના દ્વારા અમોને વોટસપ મેસેજ કે ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયત્ન કરેલ હશે ત્યારે અમોએ લગભગ સમય મર્યાદામાં જવાબ આપવાનો ચોક્કસ પ્રયત્ન કરેલ હશે પણ ક્યાંક કોઈ કારણે જવાબ કે વાત ના કરી શક્યા હોઈએ તો તેની દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

નવા વર્ષે અમોને 'શ્રી સારસ્વત' મુખપત્રમાં છાપવા માટે સારા લેખો આપના તરફથી મળતા રહે તેવી આશા પણ રાખીએ છીએ.

(જે પણ લેખ મોકલવામાં આવે તેમાં જે કોઈ માહિતી - લખાણ - ફોટો જેવી તમામ માહિતી લેખ છાપવા મોકલનારની હતી અને છે.

આપે મોકલેલ લેખમાં 'શ્રી સારસ્વત' મુખપત્ર ચલાવનાર રાજ્ય મંડળ કે સારસ્વત સંપાદક, સારસ્વત સહ સંપાદક સંમત છે તેવું માનવું નહીં.)

આપનો સાથ અને સહકાર હશે તો ચોક્કસ આપણે આપણા ધ્યેય સુધી પહોંચી શકીશું.

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## મહામંત્રીશ્રીનો પત્ર

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો જ કુશળતા ચાહતા કુશળ છીએ. રંગોના પર્વ હોળી-ધૂળેટી પર્વની આપ સર્વેને તથા પરિવારજનોને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ વતી હૃદયપૂર્વકની શુભકામનાઓ. મિત્રો, આપણા સૌના સહિયારા પુરુષાર્થ થકી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડની પરીક્ષાઓ ખૂબ સારા વાતાવરણમાં પૂર્ણ થઈ. હવે મધ્યસ્થ મૂલ્યાંકન કાર્ય અને ત્યાર પછી પરિણામોની કામગીરી થશે. આશા રાખીએ બોર્ડનું આપણી શાળાઓનું અને વિદ્યાર્થીઓનું ખૂબ સારું પરિણામ આવે અને ગુજરાત અને ભારતના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરમાં આપણે સૌ આપણું ઉત્તમ યોગદાન આપતા રહીએ

મિત્રો, આ અંક તમારા સુધી પહોંચે ત્યાં સુધીમાં આપણી શાળાઓને જુના શિક્ષકો મળી ગયા હશે, બાકી ખાલી રહેલી તમામ જગ્યાઓ શિક્ષણ સહાયકથી ભરવામાં આવે તેમ જ ક્લાર્ક અને પટાવાળાની જગ્યાઓ પણ નવા શૈક્ષણિક સત્ર સુધીમાં ભરવામાં આવે તેવી આપણી સતત મથામણ છે. આ ઉપરાંત એનપીએસવાળા કર્મચારીઓને 300 જમા રજાનું રોકડમાં રૂપાંતર, તા.1/4/2005 પહેલાના કર્મચારીઓના જીપીએફ એકાઉન્ટ ખોલવા તથા નિવૃત્ત કર્મચારીઓને તાત્કાલિક પેન્શન શરૂ કરવું, શિક્ષક આચાર્ય સળંગ નોકરી, 70 જેટલા આચાર્ય મિત્રોને એન્ટ્રી લેવલ પે-સ્કેલનો લાભ, 90 કરતા ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓને કોમ્પ્યુટર તથા સ્માર્ટ ક્લાસ, જુના આચાર્યને જુના શિક્ષકની જેમ જ એચમેટની પરીક્ષામાંથી મુક્તિ આપી સિનિયોરીટીના

આધારે અન્ય શાળામાં જવાની છૂટ આપવી વગેરે જેવી અનેક બાબતો માટે બોર્ડની પરીક્ષા તેમજ 15મી વિધાનસભાનું શિયાળુ સત્ર ચાલુ હોવા છતાં સંગઠન દ્વારા સતત રજૂઆત કરવામાં આવી છે અને તેના ઉકેલની દિશામાં પૂરી નિષ્ઠાથી પ્રયત્નશીલ છીએ જ.

મિત્રો, નવા શૈક્ષણિક સત્ર જૂન 2025થી NEP-2020નું મહદ અંશે અમલીકરણ તબક્કાવાર થવા જઈ રહ્યું છે ત્યારે આ ઐતિહાસિક ઘટનાના આપણે સૌ ખૂબ જ મહત્ત્વના અને અવિભાજ્ય અંગ છીએ. તેના અમલીકરણમાં આપણી ખૂબ જ મહત્ત્વની ભૂમિકા અને જવાબદારી છે, ત્યારે આવો આપણે સૌ આપણા શ્રેષ્ઠ યોગદાન માટે કટિબદ્ધ બની "બાલ દેવો ભવઃ"તથા "આચાર્ય દેવો ભવઃ" ઉક્તિઓને ખરા અર્થમાં ચરિતાર્થ કરીએ.

મિત્રો, નવી શિક્ષણનીતિમાં 360 ડિગ્રી મૂલ્યાંકન માટે સરકારશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલી છે. તેમાં પણ આપ સૌના રચનાત્મક સૂચનો મને પર્સનલી મોકલશો જેથી વિદ્યાર્થીઓના સર્વાંગીય વિકાસની તમામ ક્ષમતાઓને સરળતાથી ચકાસી શકાય તેવી મૂલ્યાંકન પદ્ધતિ બનાવી શકાય. આ ઉપરાંત ગુ.મા. ઉ.મા. શિક્ષણ વિનિયમો 1974માં પણ સુધારા માટે સમિતિની રચના કરવામાં આવેલી છે તો તે અંગે પણ આપ મને લેખિત સ્વરૂપે આપના રચનાત્મક સૂચનો મોકલશો તો આપણે સૌ સાથે મળી તે દિશામાં પણ નક્કર કામ કરી શકીશું તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે સૌને પુનઃ હોળી ધુળેટી પર્વની શુભકામનાઓ...

આપનો,
**શ્રી ભરતભાઈ ચૌધરી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# 21મી સદીના કૌશલ્યો, અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનું શાળેય શિક્ષણ

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**સમાજ અને શૈક્ષણિક જગતના પરિવર્તનના પડકારો :**

21મી સદીમાં તકનીકી, સામાજિક અને અર્થવ્યવસ્થામાં મોટાપાયે પરિવર્તનો થઈ રહ્યા છે, જેના આપણે સાક્ષી છીએ. આ પરિવર્તનો એટલા ઝડપી છે, જેને કારણે શિક્ષણ પદ્ધતિમાં જડમૂળથી અને આધારભૂત ફેરફારો કરવા અત્યંત આવશ્યક છે. હવે શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકોમાં આપેલ માહિતી યાદ રાખવા પૂરતું મર્યાદિત નહિ; પરંતુ આલોચનાત્મક વિચારશક્તિ, સર્જનાત્મકતા, સહયોગ અને અનુકૂલનક્ષમતાને પ્રોત્સાહન આપવા માટેનું માધ્યમ બન્યું છે.

શિક્ષકો અને શાળાના સંચાલકો માટે આ પરિવર્તનનો અર્થ એટલે કે તેઓ આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવે; જે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક અને સતત પરિવર્તિત થતા ગતિશીલ વિશ્વ માટે તૈયાર કરે. શાળાઓમાં શીખવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પરંપરાગત શિક્ષણ પદ્ધતિ, જે મુખ્યત્વે નિષ્ક્રિય શિક્ષણ અને પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસ પર કેન્દ્રિત હતી, તેને બદલે હવે એ વિદ્યાર્થી કેન્દ્રિત બને અને ક્રિયાશીલ અધ્યયન પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે. જ્યારે શાળા સંચાલક શિક્ષણ-પોષક શાળેય ભાવાવરણ પૂરું પાડે. જેથી શાળા શિક્ષણ વિદ્યાર્થીઓ દરમિયાન માત્ર જ્ઞાનનો સંચય કરવાને બદલે, જ્ઞાનનો વ્યવહારુ અને વાસ્તવિક ઉપયોગ કરતાં શીખે.

વિદ્યાર્થીઓને 21મી સદીનાં કૌશલ્યોથી સજ્જ કરવા માટે, શિક્ષકોએ આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ જેવી કે, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ (Project Based Learning), પૃચ્છા આધારિત શિક્ષણ (Inquiry Based Learning), ટેકનોલોજી સંકલન (Technology Integration) અને વ્યક્તિગત જરૂરીયાત મુજબનું શિક્ષણ (Personalized Learning) અમલમાં મૂકવી પડશે. આ પદ્ધતિઓ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા જગાડવાનું, સમસ્યા ઉકેલ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવામાં અને સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવવામાં મદદ કરે છે, જેથી તેઓ શૈક્ષણિક અને વાસ્તવિક જીવનના પડકારોનો સામનો કરી શકે.

# 21મી સદીનાં કૌશલ્યો

**આ કૌશલ્યો ત્રણ મુખ્ય ભાગમાં વહેંચી શકાય :**

1. અધ્યયન અને નવાચાર કૌશલ્યો (4Cs)
   - સમસ્યા ઊકેલ અને આલોચનાત્મક વિચાર કૌશલ્ય(Critical Thinking)
   - સર્જનાત્મકતા અને નવાચાર(Creativity and Innovation)
   - પ્રત્યાયન (Communication)
   - સહયોગ (Collaboration)
2. માહિતી, મીડિયા અને ટેકનોલોજી કૌશલ્યો (IMT)
   - માહિતી સંપાદન સજ્જતા (Information Literacy)
   - મીડિયા સજ્જતા કૌશલ્ય (Media Literacy)
   - ટેકનોલોજી સજ્જતા (Technology Literacy)
3. જીવન અને કારકિર્દી કૌશલ્યો (FLIPS)
   - લવચીકતા અને અનુકૂલન (Flexibility & Adaptability)
   - નેતૃત્વ અને જવાબદારી (Leadership & Responsibility)
   - પહેલ કરવાનો અભિગમ અને સ્વ-અધ્યયન (Initiative & Self-Direction)
   - ઉત્પાદકતા અને ઉત્તરદાયિત્વ (Productivity & Accountability)
   - સામાજિક અને આંતર સાંસ્કૃતિક કૌશલ્યો (Social & Cross-Cultural Skills)

**શિક્ષકો અને શાળા સંચાલકો માટે ભૂમિકા**

**શિક્ષકોની ભૂમિકા :** 21 મી સદીના કૌશ્લ્યોથી વિદ્યાર્થીઓને સુસજ્જ કરવા શાળા શિક્ષકો અને શાળાઓનું નેતૃત્વ કરનાર આચાર્ય / સંચાલકોની બદલાયેલી ભૂમિકા :

- વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ પર ભાર મુકવો.
- વાસ્તવિક જીવન પર આધારિત શિક્ષણને પ્રાધાન્ય આપવું.
- શાળામાં શૈક્ષણિક ટેકનોલોજીના સંકલન કરવું તેમજ શાળાનું ભાવાવરણ પરસ્પર વધારે સહયોગાત્મક બનાવવું.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત અધ્યયન જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી.

**આચાર્ય અને શાળા સંચાલકો (સ્કૂલ લીડર્સ) માટે**

- શિક્ષકોની તાલીમ અને વ્યાવસાયિક વિકાસમાં રોકાણ કરવું.
- ટેકનોલોજી આધારિત શિક્ષણ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવવું
- આંતર-શાખાકીય શિક્ષણ (Interdisciplinary Learning) અને સહકારિતા પ્રોત્સાહિત કરવી
- વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને શાળાકીય નીતિઓ ઘડવી

**21મી સદી માટે આધુનિક શિક્ષણ પદ્ધતિઓ :**

**પ્રોજેક્ટ આધારિત અધ્યયન પદ્ધતિ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) અનુસાર પ્રોજેક્ટ આધારિત અધ્યયન (Project-Based Learning - PBL) એ અત્યંત અસરકારક અભિગમ છે, જેમાં વિદ્યાર્થીઓ વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ શોધતાં શીખે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ લાંબા ગાળાના પ્રોજેક્ટ પર કામ કરે છે, અને કોઈ એક જટિલ વ્યાવહારિક પ્રશ્ન કે સમસ્યાનો ઉકેલ શોધે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ જૂથ-કાર્ય, સંશોધન, સર્જનાત્મકતા તેમજ જાહેરમાં રજૂઆત કરતાં શીખે છે.

**પ્રોજેક્ટ આધારિત અધ્યયન પદ્ધતિ (PBL) ની મુખ્ય વિશેષતાઓ :**

- **પ્રોજેક્ટની પસંદગી :** વાસ્તવિક જીવનની સમસ્યાઓને આધીન હોય છે.
- **સંશોધન આધારિત અભ્યાસ :** વિદ્યાર્થી માહિતી કે જ્ઞાનથી ઉપર જઈને વાસ્તવિક સમસ્યાઓના સંદર્ભમાં જ્ઞાનનો ઉપયોગ કરે છે અને સમસ્યાઓનું સમાધાન શોધે છે.
- **સહકાર અને જૂથકાર્ય :** વિદ્યાર્થીઓ એકમેક સાથે જૂથમાં એકબીજાના સહકાર અને સહયોગથી કાર્ય કરતા શીખે છે.
- **આંતર-શાખાકીય અભિગમ :** પ્રોજેક્ટમાં સમસ્યા એ કોઈ એક વિષય આધારિત નહિ પરંતુ એક કરતાં વધુ વિષયો જેવા કે, વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન વગેરે વિષયોને સ્પર્શતી સમસ્યા હોય છે. જેથી આ તમામ વિષયોનો સંયુક્ત રીતે અભ્યાસ કરી સમસ્યાનું સમાધાન શોધવા પ્રેરિત કરવામાં આવે છે. ઉદાહરણ : જો પ્રોજેક્ટ "સ્વચ્છ ઉર્જા સંબંધિત સમસ્યા" આધારિત પ્રોજેક્ટ હોય તો તે વિજ્ઞાન, ભૂગોળ અને અર્થશાસ્ત્ર જેવા વિષયોનો સંયુક્ત અભ્યાસ થઈ શકે.

- **વિદ્યાર્થી કેન્દ્રી અધ્યયન :** શિક્ષકની ભૂમિકા માર્ગદર્શક તરીકે રહે.
- **મૂલ્યાંકન અને પ્રતિભાવ (Reflection) :** પ્રોજેક્ટ દરમિયાન વિદ્યાર્થીઓ સ્વ-મૂલ્યાંકન અને ફીડબેક મેળવે.
- **જાહેર રજૂઆત :** વિદ્યાર્થીઓ તેમના પ્રોજેક્ટને વર્ગખંડમાં અથવા વિવિધ જૂથમાં રજૂઆત કરી વિશ્વાસ અને અસરકારક સંવાદ ક્ષમતા વિકસાવે.

**પ્રોજેક્ટ આધારિત અધ્યયન પદ્ધતિ (Methodology)**

**1. પ્રોજેક્ટ માટેનો વાસ્તવિક સમસ્યા નક્કી કરવી**

- પ્રોજેક્ટ માટે એક વ્યાપક અને રસપ્રદ અને વાસ્તવિક સમસ્યા પસંદ કરવી.

  ઉદાહરણ : "આપણી શાળામાં કચરાનું વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય?"

**2. પ્રોજેક્ટનું આયોજન અને ડિઝાઇન**

શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી નીચે મુજબ આયોજન કરે:

- અધ્યયનનું લક્ષ્યાંક
- સંશોધન માટે જરૂરી સાધનો
- જરૂરી સમય
- અપેક્ષિત પરિણામો

**3. સંશોધન અને પરીક્ષણ**

વિદ્યાર્થીઓ સમસ્યાના સંદર્ભમાં નીચેના સ્ત્રોત દ્વારા માહિતી એકત્રિત કરશે:

- ઈન્ટરનેટ અને પુસ્તકો
- ફિલ્ડ ટ્રીપ અને નિષ્ણાતો સાથે વાતચીત
- સર્વેક્ષણ અને માહિતીનું એકત્રીકરણ

**4. પ્રોજેક્ટ તૈયાર કરવો**

વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ઉકેલો તૈયાર કરશે:

- મોડેલ અને પ્રયોગો

- અહેવાલ અને અભ્યાસ
- ફોટોગ્રાફ્સ, વીડીયો તથા અહેવાલ પ્રસ્તુતિ

**5. સહયોગી અધ્યયન અને સંવાદ**

વિદ્યાર્થીઓ જૂથકાર્ય કરી, એકબીજાની મદદ લઈને શીખશે. શિક્ષકની ભૂમિકા માત્ર માર્ગદર્શક તરીકે રહેશે.

**6. પ્રતિભાવ અને મૂલ્યાંકન**

વિદ્યાર્થીઓ અને શિક્ષકો નિયમિત પ્રતિભાવ આપતા રહેશે શિક્ષક તેમના અભિપ્રાયો અને સૂચન દ્વારા માર્ગદર્શન આપશે અને જરૂરી સુધારા માટે ચર્ચા કરશે.

**7. પ્રસ્તુતિ અને મૂલ્યાંકન**

વિદ્યાર્થીઓ તેમના પ્રોજેક્ટ અન્ય વિદ્યાર્થી, શિક્ષક કે નિષ્ણાત સમક્ષ રજૂ કરશે.

**પ્રોજેક્ટ આધારિત અધ્યયન પદ્ધતિનું મૂલ્યાંકન (Assessment)**

**રચનાત્મક મૂલ્યાંકન :** રચનાત્મક મૂલ્યાંકન દરમિયાન શિક્ષક દ્વારા નિયમિત સમય ગાળાએ મૂલ્યાંકન કરવામાં આવે અને તે દરમિયાન વિદ્યાર્થી કે વિદ્યાર્થી જૂથ દ્વારા તેમજ અન્ય જૂથ સાથે ચર્ચા દ્વારા તેમજ શિક્ષક દ્વારા માર્ગદર્શન મેળવશે.

**સત્રાંત મૂલ્યાંકન :** પ્રોજેક્ટ પૂર્ણ થયે તેનું મૂલ્યાંકન કરવામાં આવે, પ્રોજેક્ટ અંતર્ગત જે તે સમસ્યા ઊકેલ દરમિયાન વિદ્યાર્થી કે જે તે જૂથની સર્જનાત્મકતા, તે દરમિયાન ઉપયોગમાં લીધેલ સંશોધન સાહિત્ય અને રજૂઆતના આધારે મૂલ્યાંકન કરવામાં આવે.

**અસરકારક મૂલ્યાંકન પદ્ધતિઓ:**

- **રૂબ્રિક્સ (Rubrics) :** સ્પષ્ટ માપદંડો પર આધારિત મૂલ્યાંકન.
- **પોર્ટફોલિયો :** પ્રોજેક્ટ દરમિયાનના કરેલા વિવિધ કાર્યોના દસ્તાવેજોનો સંગ્રહ.
- **સ્વ-મૂલ્યાંકન અને સમૂહ મૂલ્યાંકન :** વિદ્યાર્થી પોતાનું સ્વ-મૂલ્યાંકન કરે અને જે તે પ્રોજેક્ટનું સહ-અધ્યાયી દ્વારા પણ મૂલ્યાંકન થાય તેમજ સાથી દ્વારા કરવામાં આવેલ પ્રોજેક્ટનું પણ મૂલ્યાંકન કરે.

**પ્રોજેક્ટ આધારિત અધ્યયન પદ્ધતિ (PBL)ના લાભો**

- **વિચારશીલ અને ગહન અભ્યાસ :** : વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરશે નહી, પરંતુ તેમની ગહન સમજણ વિકસે.
- **21મી સદીની કૌશલ્યો વિકસાવવા :** વિચારશક્તિ, સંવાદ, સહકાર અને નવાચાર જેવાં કૌશલ્યો શાળા કક્ષાએ વિકાસ.
- **વિદ્યાર્થીઓમાં રસ અને પ્રેરણા વધે :** તેઓ પોતે સ્વ અધ્યયન માટે પ્રેરિત થાય.
- **આંતર-શાખાકીય અધ્યયન :** જુદા જુદા વિષયોના વાડાઓ દૂર કરી વિવિધ વિષયોનું અધ્યયન અને તેનું સંકલન કરતાં શીખે.
- **વાસ્તવિક જીવનની તૈયારી :** પ્રોજેક્ટ આધારિત અભ્યાસ કારકિર્દી ઉપરાંત વિદ્યાર્થીને વાસ્તવિક જીવનમાં આવતા પડકારો સામે ઊકેલ મેળવવામાં મદદરૂપ થાય.

**પ્રોજેક્ટ આધારિત અધ્યયનનું (PBL) અમલીકરણ :**

NEP 2020 પ્રયોગાત્મક અને અનુભવજન્ય અધ્યયન (Experiential Learning) પર ભાર મૂકે છે. પ્રોજેક્ટ આધારિત અધ્યયન (PBL) સરળતાથી શાળાઓમાં અમલમાં મૂકવા માટે :

- શાળાઓએ પરંપરાગત શિક્ષણ સાથે પ્રોજેક્ટ આધારિત અધ્યયન(PBL) શરુ કરવું જરૂરી જોઈશે.
- આ માટે શિક્ષકોના તાલીમ કાર્યક્રમો આયોજીત કરવા.
- અભ્યાસક્રમમાં પ્રોજેક્ટ આધારિત પ્રવૃત્તિઓ સમાવવી.
- વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગો અને સમુદાયો સાથે જોડાણ કરવું.

પ્રોજેક્ટ આધારિત શીખવાની પદ્ધતિ ભારતીય શિક્ષણમાં ક્રાંતિ લાવી શકે છે. તે વિચારશીલતા, નવીનતા અને નિષ્ક્રિય શિક્ષણ પદ્ધતિઓમાંથી બહાર આવવા માટે મહત્વપૂર્ણ છે. પ્રોજેક્ટ આધારિત અધ્યયનનું PBL માત્ર શીખવવાની પ્રક્રિયાને સુધારતું નથી, પણ વિદ્યાર્થીઓને અત્યાધુનિક પડકારો માટે સજ્જ કરે છે.

NEP 2020 ની દિશામાં આગળ વધતા, પ્રોજેક્ટ આધારિત અધ્યયનનું (PBL) ને શાળાઓમાં સમાવી વિદ્યાર્થીઓ માટે ઉત્સાહજનક અને અર્થપૂર્ણ અધ્યયન સુનિશ્ચિત કરી શકાય.

**2. પૃચ્છા આધારિત શિક્ષણ (Inquiry-Based Learning)**

આ પદ્ધતિમાં શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછે છે અને વિદ્યાર્થીને વિવિધ વિષય ઉપર વિચાર કરવા તેમજ તે સંદર્ભનું સંશોધન કરવા અને તેનાં ઉકેલ શોધવા પ્રેરિત કરે છે.

- શિક્ષકો વિવિધ ઉત્તરો શક્ય હોય તેવા ખૂલ્લા પ્રકારના પ્રશ્નો પુછે છે, જે બાળકની જિજ્ઞાસાને પ્રેરણા આપે
- વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે સંશોધન અને પરીક્ષણ કરવા માટે પ્રોત્સાહિત કરે.
- વિદ્યાર્થીઓને પોતાનો અભિપ્રાય અને અભ્યાસ રજૂ કરવાનો અવસર આપે.

ઉદાહરણ :

- ભૌતિકશાસ્ત્રમાં, ન્યૂટનના નિયમો માટે, શિક્ષક સીધો નિયમ સમજાવવાના બદલે, વિદ્યાર્થીઓને સીટબેલ્ટ કેવી રીતે સુરક્ષા આપે છે તે પ્રશ્ન પૂછે, અને તેના સંશોધન માટે સમય આપે.
- વિદ્યાર્થીઓ વિવિધ પ્રયોગો બતાવી તેના પ્રશ્નો પૂછી અને તેનાં નિષ્કર્ષ કાઢી શીખી શકે.

**3. ટેકનોલોજી સંકલન : (Technology Integration)**

- ટેકનોલોજી શિક્ષણને વધુ રસપ્રદ અને વ્યક્તિગત બનાવે છે.
- ડિજિટલ પ્લેટફોર્મ્સ જેવાં કે, Google Classroom, Microsoft Teams દ્વારા સહયોગાત્મક અભ્યાસ કરે.
- વર્ચ્યુઅલ રિયલિટી (VR) દ્વારા ઈતિહાસ અને વિજ્ઞાનને જીવંત બનાવી ટેકનોલોજી દ્વારા અભ્યાસ કરે.
- આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત વૈયકિતક જરૂર મુજબનું શિક્ષણ.
- શિક્ષણની વિવિધ સંકલ્પનાઓ અને કૌશલ્યોને રમતગમતમાં પરિવર્તિત કરી (Gamification) તે દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા તેમજ તેનાં દ્રઢીકરણ માટે તેનો ઉપયોગ કરવો.

**4. વૈયક્તિક અધ્યયન (Personalized Learning)**

હાવર્ડ ગાર્ડનરના મલ્ટીપલ ઇન્ટેલિજન્સનાં સિદ્ધાંત મુજબ દરેક વિદ્યાર્થિની અધ્યયન પદ્ધતિ અલગ -અલગ હોઈ શકે, એટલે કે શિક્ષણ વિદ્યાર્થી પોતાને અનુકૂળ માધ્યમ દ્વારા શિક્ષણ લઈ શકે

તે મુજબનું વ્યવસ્થા ગોઠવવી.

- વિદ્યાર્થીઓની ખૂબીઓને ઓળખીને અભ્યાસ પદ્ધતિ અપનાવવી.
- AI આધારિત પ્લેટફોર્મ દ્વારા વ્યક્તિગત અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ કરવો
- પરંપરાગત પરીક્ષાઓની જગ્યાએ કૌશલ્ય આધારિત મૂલ્યાંકન

ઉદાહરણ :

- વિશિષ્ટ લેખન ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક લેખનની તક પૂરી પાડવી.
- વાંચનમાં રુચિ ધરાવતા ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઓડિયો બુક્સ પૂરી પાડવી.
- દૃશ્ય માધ્યમથી શીખનાર માટે ઈન્ફોગ્રાફિક્સ અને માઇન્ડમેપ્સ પૂરા પાડવા. શિક્ષણમાં પરિવર્તનની જરૂરિયાત

વિજ્ઞાન ટેકનોલોજી અને એમાંય આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ ને લઈને ૨૧મી સદીના પડકારો પણ એવાં હોય કે જેની કલ્પના કરવી અત્યારે હવા સાથે બાથ ભીડવા જેવી છે. આ પરિસ્થિતિમાં શાળા કક્ષાએ 21મી સદીનાં કૌશલ્યોનો સમાવેશ કરવો એ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક તેમજ વ્યાવહારિક સફળતા માટે આવશ્યક નહિ પણ અનિવાર્ય દેખાઈ રહ્યાં છે. આ સંજોગોમાં દરેક શાળાઓ માટે તેમજ શાળા સંચાલકો માટે ૨૧મી સદીના કૌશલ્યોનો રોજ-બરોજના શિક્ષણમાં સમાવેશ કરવો તેમજ પરંપરાગત શિક્ષણ પદ્ધતિને બદલે, અદ્યતન શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવાની એ આવકારદાયક છે. આવો આ નૂતન અભિગમથી આપણા વિદ્યાર્થીઓને ૨૧મી સદી માટે તૈયાર કરીએ અને ભારતીય યુવા ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સુસજ્જ કરીએ.

# पढ़ाई का विज्ञान-७

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

आज हम एक ऐसी शक्तिशाली तकनीक के बारे में चर्चा करने जा रहे हैं जो पढ़ाई और विशेष रूप से परीक्षा की तैयारी के लिए बहुत ज्यादा उपयोगी है। बल्कि, मेरी राय में परीक्षा पेपर की भविष्यवाणी करने के लिए यह सबसे अच्छी तकनीक है। जी हां, आपने सही पढ़ा। एक बार जब आप परीक्षक को अपनी परीक्षा की तैयारी प्रक्रिया का हिस्सा बना लेते हैं, तो परीक्षा पेपर की भविष्यवाणी करना ये भी एक महत्वपूर्ण अगला कदम होता है । यह तकनीक सीए परीक्षाओं की तैयारी के मेरे अपने अनुभव और इसके महान लाभ पर आधारित है जो मुझे मिला है। मैं इस तकनीक को "Virtual Run" कहता हूं। ये एक प्रकारका ध्यान ही है। ये बहुत असरदार टेक्निक है। मैंने अपनी सीए परीक्षा की तैयारी के दौरान और उसके बाद भी अपने कामकाज की अनेक असाइनमेंट और कॉर्पोरेट प्रस्तुतियों के लिए इसका बहुत बार और सफलतापूर्वक उपयोग किया है। आइए मैं अपने अनुभव के साथ तकनीक समझाता हूँ।

सीए परीक्षा की तैयारी करने वाले सभी लोग अपने आर्टिकलशिप प्रशिक्षण से 3 से 6 महीने तक की परीक्षा छुट्टियों का लाभ उठाते हैं। आर्टिकलशिप प्रशिक्षण याने प्रैक्टिसिंग सीए के कार्यालय में 3 साल का व्यावहारिक प्रशिक्षण लेना। हमारी सीए परीक्षाएं आम तौर पर साल में दो बार होती हैं, जिनकी तारीखें हर साल लगभग एक ही रहती हैं - २ मई (ग्रीष्मकालीन परीक्षा सत्र के लिए) और १ नवंबर (शीतकालीन परीक्षा सत्र के लिए) से शुरू होती हैं। मैं २ मई, २००२ को शुरू होने वाली अपनी सीए फाइनल परीक्षा की तैयारी कर रहा था। मैं अपनी पढ़ाई के लिए हर दिन सुबह जल्दी उठता था क्योंकि मेरा मानना है कि सुबह का समय पढ़ाई के लिए अधिक अनुकूल है क्योंकि इसमें हमारे प्रयासों को पूरा करने के लिए प्राकृतिक सात्विक ऊर्जा होती है। स्वाभाविक रूप

से, मैं ३-४ घंटे के कठोर और प्रभावी अध्ययन के बाद थक जाता था और गर्मी के समय को देखते हुए दोपहर के समय में तो और भी अधिक थक जाता था। इसलिए मैं लगभग २० से ३० मिनट दिन में दो बार आराम से बिस्तर पर लेट जाता था, अपनी आँखें बंद कर लेता था और अपनी सांसों का अवलोकन करता था। आप सभी इस बात से सहमत होंगे कि जब भी हम किसी महत्वपूर्ण कार्य की तैयारी करते हैं तो भले ही आप सोते हैं या आराम करने की कोशिश करते हैं, फिर भी आपके मन में उसी कार्य के संबंधित विचार हमेशा रहेंगे। सीए की पढ़ाई के वक्त मेरा हाल भी कुछ ऐसा ही था। आराम के समय में भी मन तो परीक्षा के बारे में ही सोचता था। इन विचारों को नियंत्रित करने के लिए, एक दिशा देने के लिए भी मैं ये "Virtual Run" का अभ्यास करता था।

Virtual Run एक शक्तिशाली तकनीक है जहां व्यक्ति को विस्तर पर लेटना होता है, पूरे शरीर को आराम देना होता है, अपनी आंखें बंद करनी होती हैं, अपनी सांसों का निरीक्षण करना होता है और फिर कल्पना करनी होती है कि आप अपना परीक्षा पेपर कैसे हल कर रहे हैं। आपके द्वारा पढ़ें गए विषयों के आधार पर, हमें ये कल्पना करनी होगी कि परीक्षा पत्र में किस प्रकार के प्रश्न पूछे जा रहे हैं और इससे भी महत्वपूर्ण बात कि आप कितने सफलतापूर्वक उन प्रश्नों का अच्छे अंक प्राप्त करने के लिए उपयुक्त उत्तर लिख रहे हो। इस पूरी कल्पना प्रक्रिया का विवरण करना होगा। सीए फाइनल अकाउंटेंसी विषय के परीक्षा पेपर पैटर्न में पहला प्रश्न लगभग २५ गुणोंका होता था। यदि आपके प्रश्न पत्र का पैटर्न इस प्रकार है तो एक बैठक में (या मैं कहूंगा कि सोते हुए!) "वर्चुअल रन तकनीक" कल्पना प्रक्रिया के लिए केवल एक प्रश्न लेना ही बेहतर है, लेकिन ऐसा करते वक्त इसे बहुत विस्तृत रूप से कल्पित करना पड़ेगा।

अपने परीक्षा कक्ष, अपने पहनावे (स्कूल या कॉलेज की वर्दी) की कल्पना करें, उस पेन और पेंसिल की कल्पना करें जिसे आप नियमित रूप से अपनी परीक्षाओं के लिए उपयोग करते हैं, परीक्षा के पेपर की कल्पना करें, उसमें प्रश्नों का क्रम, पूछे गए प्रश्न, उनका स्वरुप, उप-प्रकार और आप उसका उत्तर लिखने जो प्रयास कर रहे हैं, उसकी भी कल्पना करना। परीक्षा पत्र में पूछा गया सवाल

के बारे में गहराई से कल्पना करे। क्या वो एक परिभाषा आधारित प्रश्न है या स्थिति आधारित प्रश्न है या कोई संख्यात्मक प्रश्न है जिसे आप हल कर रहे हैं। अपने उत्तर या समाधान के प्रत्येक चरण की भी कल्पना करें। आप जो मुद्दे लिख रहे हैं, कोई गणिति फार्मूला लिख रहे है, कुछ रफ वर्क कर रहे हैं, सब कुछ की कल्पना करना। यह इतना तीव्र होना चाहिए कि आपको उसी समय वास्तव में अपने अंतिम परीक्षा पेपर का प्रयास करने जैसा महसूस होना चाहिए। हर चीज़ की कल्पना करें। Virtual Run की इस तकनीक को करते समय आप जितनी अधिक बारीकी से ये कल्पना करेंगे, परिणाम उतने ही बेहतर होंगे, जितना अधिक आप इसका अभ्यास करेंगे उतना अधिक आप इस तकनीक की कल्पना करने और उपयोग करने में कुशल हो जायेंगे।

इस तकनीक ने मुझे कई तरह से मदद की है। कठिन अवधारणाओं, शब्दावली और प्रश्नों की बेहतर समझ से लेकर, कई जटिल प्रश्नों में स्पष्टता, मेरी अपनी शंकाओं का समाधान, तथ्यों और सूचनाओं को ज्ञान में बेहतर ढंग से समाहित करना, वास्तविक परीक्षा पत्र का प्रयास करते समय अभिव्यक्ति में सुधार, ये और ऐसे बहुत कुछ उपलब्धिया इस टेक्निक से मुझे प्राप्त हुवे है। लेकिन यह तकनीक किस प्रकार का उच्चतम लाभ दे सकती है यह मेरे अपने अनुभव के आधार पर किसी चमत्कार से कम नहीं है। इस लेख को लिखते समय, हालाँकि उस घटना को २२ साल से ज्यादा समय बीत चूका हैं, मैं उस अनुभव को आपके साथ साझा करते हुए उसी स्तर के उत्साह और खुशी को महसूस कर रहा हूँ।

ये घटना अप्रैल २००२ की है। दोपहर का समय था और मैं यह Virtual Run तकनीक कर रहा था। अकाउंटेंसी विषय के लिए पहला प्रश्न जटिल लेखांकन समायोजन के साथ 1 होल्डिंग (मूल कंपनी) और 2 सहायक कंपनियों के साथ "खातों के समेकन" पर होता था। यह करीब 25 अंकों का होता था, इसलिए इसका महत्व बहोत ही ज्यादा होता हैं। मैं Virtual Run टेक्निक में एक प्रश्न की कल्पना कर रहा था और मैं इस प्रश्न का उत्तर कैसे देने का प्रयास कर रहा हूँ, ये सोच रहा था। अचानक मुझे 1 होल्डिंग और 3 सहायक कंपनियों के साथ एक प्रश्न और उनके लिए

समेकित खाते कैसे प्रस्तुत किए जाएं, इसकी कल्पना आई। इस प्रकार का प्रश्न मैंने अपनी पढ़ाई के दौरान कभी हल नहीं किया था। मैंने इस नवीन प्रश्न का सफलतापूर्वक प्रयास करते हुए अपनी वर्चुअल रन तकनीक पूरी कर ली। उठने के बाद, मैंने अलग-अलग लेखकों द्वारा लिखी गई 3 अकाउंटेंसी पुस्तकों में खोज की, अपने सीए अध्ययन नोट्स, ट्यूशन नोट्स की जांच की, अपने दोस्तों से ऐसे कोई प्रश्न हल किया है? इस बारे में पूछताछ की, और मुझे बहुत आश्चर्य हुआ कि किसी को भी उनके ट्यूशन या नोट्स में हल किए गए ऐसे प्रश्न के बारे में पता नहीं था और उनके पास ऐस कोई प्रश्न उपलब्ध ही नहीं था। मैंने इस प्रकार के प्रश्न को हल करने के लिए तार्किक चरण अपनी किताब में लिखे और बस इतना ही, दिन चलते गए, बाकि अभ्यास चलता रहा। एक महीना बीत गया और मेरी अंतिम परीक्षा के पेपर का दिन आ गया। मैं इस घटना के बारे में पूरी तरह भूल चुका था। अकाउंटेंसी विषय सीए फाइनल परीक्षा का पहला पेपर होता था, इसलिए कोई भी छात्र कितना तनाव और घबराहट महसूस करता होगा, इसकी कल्पना की जा सकती है। मैं भी उसी दौर से गुजर रहा था। मैं अपने परीक्षा हॉल में पहुंच गया, उत्तर पुस्तिकाएं वितरित हो चुकी थीं, मैंने अपना रोल नंबर और अन्य विवरण लिख लिया था और प्रश्न पत्र की प्रतीक्षा कर रहा था।

अंततः 5 मिनट के बाद, मुझे मेरा अकाउंटेंसी सीए अंतिम परीक्षा का पेपर प्राप्त हुआ। मैंने इसे बहुत सारी तनावपूर्ण भावनाओं और क्षणों के साथ खोला, जिनका वर्णन करना कठिन है। और वाह! मैंने अपने जीवन का सबसे बड़ा आश्चर्य और चमत्कार देखा। खातों के के समेकन पर 25 अंकों का पहला प्रश्न उसी अवधारणा पर आधारित था जिसका अभ्यास मैंने अपनी वर्चुअल रन तकनीक में किया था 3 सहायक कंपनियों के साथ 1 होल्डिंग कंपनी का वो प्रश्न। मुझे रोना आ रहा था। मुझे उसी क्षण पता चल गया कि परमात्मा ने मुझ पर कृपा की है। मुझे आश्वस्त महसूस हुआ कि मैं मई 2002 में अपनी सीए फाइनल परीक्षा उत्तीर्ण कर लूंगा। मैं अपनी सीए फाइनल परीक्षा उत्तीर्ण करने के लिए अपना आभार और विश्वास व्यक्त नहीं कर सकता, क्योंकि मैंने पहले पेपर का पहला प्रश्न पड़ा था, यह जानते हुए भी कि 7 और पेपर अभी बाकी हैं। बाकी सब कुछ आज

इतिहास बन चूका है। मैं अकाउंटेंसी में अच्छे अंकों और विशिष्टता के साथ उत्तीर्ण हो गया, और सीए पास हो गया।

आध्यात्मिकता में, "आत्मदर्शन" (खुदही खुद को देखना) एक साधक की बहुत ही दिव्य और उन्नत अवस्था माना जाता है, जिसे देखने और समझना साधना में एक बहुत महत्वपूर्ण मील का पत्थर है। वर्चुअल रन तकनीक भौतिक जीवन को सफलतापूर्वक जीने के लिए उपयोगी दिशा में एक किंडरगार्टन जैसा कदम है। मैं इस कल्पना प्रक्रिया के पीछे का रहस्य नहीं जान पा रहा था। बाद में वर्ष २०२० में, मेरे गुरु श्री अजीत सर ने मुझे स्ट्रॉन्ग प्रोग्राम (युवा शिविर) के लिए फैकल्टी बना दिया और मुझे "स्वामी विवेकानन्द द्वारा ध्यान और इसकी विधियाँ" ये विषय युवाओंको सिखाने को कहा। इस विषय की तैयारी के दौरान मैंने अजीत सर को ईमेल लिखकर कई सवाल पूछे। मैं अजीत सर के निम्नलिखित प्रश्न और प्रतिक्रिया को ज्यों का त्यों प्रस्तुत करूंगा, जो कल्पना के महत्व को रेखांकित करता है और वर्चुअल रन तकनीक के पीछे के रहस्य को उजागर करता है -

"सर, ध्यान करते वक्त कल्पना शक्ति की क्या भूमिका है?" यह आध्यात्मिक प्रगति में किस प्रकार से सहायता करती है?"

अजीत सर - कल्पना भी एक रचनात्मक शक्ति है और मानव चेतना का बहुत महत्वपूर्ण हिस्सा है। जैसे-जैसे साधक इस आध्यात्मिक पथ पर आगे बढ़ता है बढ़ता है, उसकी कल्पना और वास्तविकता में शायद ही कोई अंतर होता है होता है। वास्तव में योग निद्रा में, कल्पना ८ अनिवार्य चरणों में से एक है जो अस्तित्व को ठीक करने में मदद करती है।

अजीत सर के शब्दों में, "प्रयोग करें, अनुभव ले और खुद को ऊपर उठाएं"। इस वर्चुअल रन का उपयोग करने का प्रयास करें और परीक्षा में सफलता प्राप्त करे।

# ગુણવત્તાનો ગુણાકાર અને ચોકસાઈનો ચમત્કાર

- દિનેશ માંકડ (9427960979

મિત્રો, વર્ષ આખું શિક્ષણ અને વહીવટમાં ભરચક કાર્ય થયું. પણ હવે સત્રાંત સમય આવે એટલે બધી બાબતોનું, આખા વર્ષનું મૂલ્યાંકન કરવાનો સમય. ગુણવત્તાનો ગુણાકાર ચકાસવાનો, ચોકસાઇનો ચમત્કાર જોવાનો સમય. આમ તો આ વાત સામાન્ય લાગે કે હકીકતમાં તો વર્ષ આખાનું આ સરવૈયું છે. શાળાની એક ઉત્તમ છાપ સમાજ સામે - સરકાર સામે મુકવાનો અવસર છે. અરે મિત્રો, ઘણીવાર એવું પણ બને કે વર્ષ આખું બને તેટલું સારું કર્યું હોય પણ નાનીસરખી અધૂરાશ કે અવગણના વર્ષ આખાની મહેનતને અભિવ્યક્ત ન કરે. આપણે સહુ અનુભવી તો છીએ પણ છતાં સત્રાન્તરે વધુ એક વખત કેટલીક જરૂરી વાતોને વાગોળીએ.

સરકારનું નાણાકીય વર્ષ માર્ચમાં પૂરું થાય એટલે આપણી પણ રહી-સહી હિસાબની વાતો ચકાસવાની અને પૂર્તિ કરવાની. ખાસ તો રોજમેળ, અને વાઉચર્સની મેળવણી, બેન્ક વ્યવહારો વગેરેની ઝીણવટભરી ચકાસણી ખૂબ જરૂરી છે. આપણા વહીવટી કર્મયોગી સાથીદારો ભલે હોશિયાર અને વફાદાર હોય પણ મનુષ્ય માત્ર, ભૂલને પાત્ર હોઈ શકે. કેટલીક વાર તો આપણે જ એમને છેલ્લી ઘડીએ કરવા કહ્યું હોય ને બાકી રાખ્યું હોય.

મિત્રો, હિસાબોનું અગત્યનું એક અંગ તે ડેડસ્ટોક. શાળા નાની હોય કે મોટી પણ ડેડસ્ટોકની એક એક એન્ટ્રી ખૂબ ચોકસાઈ માંગી લે છે. શુભેચ્છકો તરફથી ભેટ મળેલાં પુસ્તકો અને બીજી ઉપયોગી વસ્તુઓ અને નવી ખરીદી ન ભુલાય તે જોવું જ પડે. કેટલીયે વાર વાઉચર આવી ગયું ને વસ્તુ ન આવી હોય કે વસ્તુ આવી જાય ને વાઉચર ન આવ્યું હોય, એવું પણ બની શકે. વર્ષ આખામાં બિનઉપયોગી કે તૂટી ગયેલ કે વપરાઈ ગયેલ વસ્તુઓ કંઈ કરીએ જ છીએ. અહીં પણ એટલી ચોકસાઈની જરૂર છે.

મિત્રો આ બધી વાતને પ્રાધાન્ય એટલે છે કે તેની સાથે બે ત્રણ જરૂરી ગંભીરતા

સંકળાયેલી છે. પહેલી વાત એ કે આ બધા જ આધારોમાં સહી આપણી એટલે કે આચાર્યની છે. સાદી ભાષામાં આપણે જ સીધા જવાબદાર છીએ. બીજી કામની વાત એ કે આ બધા આધારોમાં જેટલી ઝીણવટની ચોકસાઈ એટલી આપણી વિશ્વનીયતા દેખાય. ખાસ કરીને સરકારી કચેરી અને સંચાલક મંડળપાસે આપણી નિષ્ઠા અને ચોકસાઈ પુરવાર થાય. અને દરેક તબક્કે કાર્ય સરળ બને. મોટાભાગના આચાર્ય મિત્રો અનુભવ સિદ્ધ હોય છે પણ ઘણી વખત પોતાના પરનો વધુ પડતો વિશ્વાસ જ ક્યારેક નાની બાબતમાં પણ દગો આપી જાય.

હવે વાત આપણા શાળા પરિવારના હિતની. એમાંય પહેલી જરૂરી વાત આવે આવકવેરાની. વર્ષ દરમિયાન તેમના જરૂરી આધારો મેળવ્યા હોય જ. ખૂટતા આધારો મેળવીને દરેક કર્મયોગીની આવકવેરા ફાઈલ અને શાળા દ્વારા ભરાયેલ આવકવેરાની વિગતના આધારો એકઠા કરી પૂર્ણ કરી દેવી એટલી જ આવશ્યક બાબત છે.

આમ તો કર્મયોગી મિત્રોની સેવાપોથીઓ વર્ષ દરમિયાન અલગ અલગ કારણોસર હાથ પર લેવાતી જ હોય. અને તેમાં યોગ્ય જરૂરી નોંધો થતી જ હોય. પણ અહીં તેની ઝીણવટ ચકાસણીનો સમય છે. વેકેશનમાં શિક્ષકમિત્રોને શોધવા અઘરા પડે. અને સેવાપોથીની કેટલીક વિગતો આવતા સત્ર પર ન છોડાય એટલે તે સત્ર અંતમાં અવશ્ય કરી લેવાય. એમાંય ખાસ કરીને નજીકના ભવિષ્યમાં નિવૃત્ત થનાર કે અન્ય કારણોસર શાળા બદલવાની શક્યતાવાળા મિત્રોનો તો અચૂક ખ્યાલ રાખવો જ પડે.

શાળાનો પ્રાણ એટલે વિદ્યાર્થી. બોર્ડની પરીક્ષાઓ પૂરી થઈ કે પૂરી થવામાં છે. અન્ય વર્ગોની શાળાકીય પરીક્ષાઓનું આયોજન પણ થઈ ગયું. કેટલીક શરૂ પણ થઈ ગઈ. અહીં એક બે વાત માટે ખાસ લખવાનું મન થાય. દરેક વિષયનું અલગ અલગ રીતે આંતરિક મૂલ્યાંકન થતું હોય છે. આ મૂલ્યાંકન સંપૂર્ણ તટસ્થ થાય તે અવશ્ય જોવું જ પડે. મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓ માટે કોઈપણ પ્રકારે પક્ષપાત ન થાય તેનો ઊંડાણથી તપાસ રાખવી જ પડે. આપણા શિક્ષક મિત્રો પર પૂર્ણ વિશ્વાસ હોય જ પણ જાણે-અજાણે કે કેટલીક વાર ઇરાદાપૂર્વક પક્ષપાત થવાની શક્યતા

હોઈ શકે. આપણાથી પણ થઈ શકે. પક્ષપાત હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે. આપણે સહુ સમજીએ છીએ કે નૈતિક રીતે કોઈપણ મૂલ્યાંકન સંપૂર્ણપણે પૂર્વગ્રહ વગરનું તટસ્થ જ હોવું જોઈએ. આપણી સંનિષ્ઠ નજર તે તરફ હોવી જોઈએ.

આવું જ વલણ આપણી શાળાની લેખિત પરીક્ષા માટેનું હોવું જોઈએ. વર્ગોના નિરીક્ષણથી માંડીને પેપર ચકાસણી સુધીની પ્રક્રિયા પણ પૂર્ણ તટસ્થ અને નિરપેક્ષ જ થાય તે જોવું જ પડે. તેવો આગ્રહ કોઈપણ જાતની બાંધછોડ વગર હોવો જ જોઈએ. શાળા નાની હોય કે મોટી મોડરેશન પ્રથા હોવી જ જોઈએ. કેટલીક શાળાઓ તો અન્ય શાળા પાસે મોડરેશનનો પ્રયોગ પણ કરે છે. આ પ્રક્રિયા કોઈ પર શંકા કરવા માટે નથી પણ શાળાની ગુણવત્તા ઉંચી કરવા માટે છે, એ દૃષ્ટિકોણ હોવો જોઈએ અને સહુને સમજાવવો પણ જોઈએ.

પરિણામની ગુપ્તતા પણ આવશ્યક જ છે. બે નાની સત્ય ઘટના નોંધવાનું મન થાય છે. એક શાળામાં પરિણામના આગલા દિવસે એક વર્ગ શિક્ષકની સ્કૂટર ડીકીમાંથી વર્ગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનું પરિણામ મળી આવ્યું હતું ! અન્ય એક શાળામાં એક શિક્ષક, આચાર્ય પાસે ગયા. અને આ જ શાળાના અન્ય વર્ગમાં અભ્યાસ કરતા પોતાના નાના ભાઈનું પરિણામ સુધારવા વિનંતી કરી. આચાર્યએ તેમની વિનંતી તો ન સ્વીકારી પણ તેમના ભાઈના વર્ગ શિક્ષકને બોલાવીને, પરિણામ લીક કરવા બદલ ઠપકો આપ્યો. ટૂંકમાં સાચું પરિણામ એ જ સાચી ગુણવત્તા.

નવા સત્રનું આયોજન, શાળા કેલેન્ડર જેવી બાબતોમાં તો સહુનો સાથ લેવો જ પડે. અગાઉના વર્ષથી વિશેષ શું કરી શકાય તેમ છે તે જોઈ-ચકાસીને ફેરફાર પણ એટલા જ આવશ્યક છે. એટલું તો સહુ આચાર્ય મિત્રો સ્વીકારશે કે જેટલું આગોતરું કાર્ય એટલું સારું.

મિત્રો, આચાર્યની સેવા બત્રીસ પકવાનના ભોજન થાળ જેવી છે. બધું સારું હોય તો સહુ પ્રશંસા કરે પણ એકાદ વાનગી પણ જરાક સ્વાદફેર હોય તો સહુ એને જ યાદ રાખે નહિ કે બાકીની ઉત્તમ સ્વાદવાળી વાનગીઓને. આવો કરીએ ગુણવત્તાનો ગુણાકાર ને ચોકસાઈનો ચમત્કાર.

## આચાર્ય સજ્જતા

# મુઝે પહેચાનો...

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

- શીર્ષક વાંચીને અચરજ થતું હશે! નંઈ ! ખૂબ જ સાચી વાત રજૂ કરી રહ્યો છું. સાંપ્રત પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો પોતાની(સ્વ) ઓળખ જાણી શકતા નથી. માં-બાપ (મમ્મી-ડેડી) પણ આ બાબતે સમયના અભાવે, પોતાના બાળક(વિદ્યાર્થી) સાથે સંવાદિતાના અભાવને કારણે આ સ્થિતિ નિર્માણ થઈ રહી છે.
- શાળાકીય પરિસરમાં બાળક(વિદ્યાર્થી) ઓછું રહે છે, તેમ છતાં, સમાજની અપેક્ષા શાળાકીય પરિસરમાં કાર્યરત શિક્ષક ભાઈ-બહેનો પર વિશ્વાસ સાથે વધુમાં વધુ હોય છે. તેમાંય સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળા સંકુલ તરફ આ અપેક્ષિત વજનિયાં અલગ અલગ મૂલ્ય ધરાવે છે.
- જેમ કે સરકારી શાળામાં કંઈક નાની મોટી અઘટિત ઘટના ઘટે તો સમગ્ર સમાજ તૂટી પડે છે. આર-પારની લડાઈ લડવા સજ્જ થઈ જાય છે. બીજા પ્રકારની ગ્રાન્ટેડ શાળા માટે શાળાકીય પરિવાર કરતાં વધારે જોરશોરની લડાઈ શાળા સંચાલકો સામે લડે છે. ત્રીજા પ્રકારની સ્વનિર્ભર શાળા સામે ઘટિત ઘટના સામે લડાઈ તો લડે છે. પરંતુ પ્રવેશ નીતિના કારણે હાથ હેઠાં મૂકી દે છે. મારી ચાદર તો ઢાંકેલી છે. જેની ચાદર ઓઢેલી ખેંચાઈ હોય તે જ  બૂમો પાડતો એકલો પડી જાય છે. આ સ્થિતિ નિર્માયેલી જોવા મળી રહી છે. વળી, ગુજરાત રાજ્યમાં સી.બી.એસ.સી. નો ક્રેઝ હા........... વધુ પડતો ક્રેઝ જોવા મળી રહ્યો છે. કુદકે ને ભૂસકે સી.બી.એસ.સી. ની શાળાઓનો રાફડો ગુજરાતમાં ફાટી નીકળ્યો છે. ક્યાંક રાજય સરકારનો એના ઉપર અંકુશ નિહવતૂ  હોવાનું અથવા અન્ય કારણ પણ હોઈ શકે.
- હજુ પણ અગિયાર, બાર સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ક્યાંક ને ક્યાંક ફક્ત ને ફક્ત સ્ટુડ્ન્ટ રજિસ્ટ્રેશનનું જ કાર્ય કરી, મારું મારું આગવું, ને તારું મારું સહિયારું જેવો ઘાટ નીપજ્યો છે. Anyway .....

- શાળામાં ભણતા વિદ્યાર્થીઓની ઓળખ ખૂબ જ જરૂરી છે. આ વિદ્યાર્થીઓની સાચી ઓળખ તેની શિક્ષક ભાઈ-બહેનો આપી શકવા સમર્થ છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ મધ્યસ્થ મૂલ્યાંકન અને મૂલ્યાંકન પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી હશે.
- ધોરણ-૧૦ પછી મારે શું કરવું? મુઝે પહેચાનો ના શીર્ષક મુજબ આ પ્રશ્નોના જવાબ શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ વિદ્યાર્થીના પરિણામ (માર્કસીટ) બાબતો ઉપરાંત માધ્યમિક વિભાગમાં અભ્યાસ દરમિયાનની તેની પ્રવૃત્તિઓ, તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ, કેવી રીતે બહાર લાવી શકાય તેમ છે? તેની આવડત, સમજ, શારીરિક ક્ષમતા, ઘરની સ્થિતિ વગેરે બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ-૧૦ પછી  ડીપ્લોમા, આઈ.ટી.આઈ. સર્ટી કોર્સ થઈ શકે તેમ છે. તે બાબતનું માર્ગદર્શન ખૂબ જ જરૂરી છે. આ કાર્ય વિદ્યાર્થીના જીવન માટે ખૂબ જ અગત્યનું હોય છે. આ માટે જરૂર પડે તેના માં-બાપ(મમ્મી-ડેડી) સાથે પણ વિચાર-વિમર્શ કરી શકાય જેથી વિદ્યાર્થીને જીવનનો સાચો માર્ગ મળી શકે.
- મુઝે પહેચાનો ઉચ્ચતર માધ્યમિકના જોડાવા ઉત્સુક હોય એવા વિદ્યાર્થી ભાઈ-બહેનો, જેની ક્ષમતા હોય, સી.એ., સી.એસ., અથવા તો એન્જીનિયરીંગ, મેડીકલ, પેરા મેડીકલ, હોમીયોપેથી, આયુર્વેદ કે પછી ગ્રેજ્યુએટ બાદ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., જેવી સ્પર્ધામક પરીક્ષાઓનું માર્ગદર્શન તેમના માટે ઉચિત ગણાશે.......
- શાળાના આચાર્ય તરીકે આપની ઉત્તમ ભૂમિકા નિભાવવાનો આ રૂડો અવસર પ્રાપ્ત થયો છે. તો આવા અવસરને રોજગાર કચેરી, કારકિર્દી અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા થકી, કોઈ સારા I.P.S. I.A.S. ચાલુ સર્વિસમાં હોય કે નિવૃત્ત તેમની સેવાઓ લઈને પણ કાર્યક્રમ ગોઠવી શકાય.....
- સાહિત્ય, કલા, નાચગાન કે ગીત-સંગીત કે ગાયક ને સાથે રાખી આ બાબત તરફે પણ દીવાદાંડી સમાન આ ઉત્તમ કાર્ય મારા આચાર્ય કરી શકે તેમ છે.
- અંતમાં, બ્રહ્માનંદસ્વામી ૬૪ કલાના નિષ્ણાત હતા..... મારા આચાર્યશ્રીએ દિવાળીના અન્નકૂટ સમાન ‘‘માર્ગદર્શન નો અન્નકૂટ’’ ગોઠવવાનો રહે છે.
- અસ્તુ! દરેકને જીવનનું લક્ષ પ્રાપ્ત થાઓ તેવી શુભેચ્છા સહ............

# સ્વતંત્રતા કે સ્વચ્છંદતા

**પ્રિ. જાગૃતિબેન પટેલ**
જ્ઞાનદા ગર્લ્સ હાઇસ્કૂલ
ઘાટલોડિયા

ભારત વિકાસશીલ દેશ છે. વિકસિત દેશ બનવા જઈ રહ્યું છે ત્યારે પ્રથમ આવશ્યકતા ઉચ્ચ શિક્ષણની નહિ પરંતુ શ્રેષ્ઠ શિક્ષણની છે તેમ હું માનું છું. સ્ત્રી પુરુષ સમોવડી છે જ, પ્રાચીન સમયથી પુરાણોમાં આ વાત સ્વીકૃત થયેલી અને નિર્વિવાદ છે. 21મી સદી સ્વીકારે છે કે સ્ત્રીને શિક્ષણ આપી શિક્ષિત બનાવી, વિશ્વ લેવલે સક્ષમ બનાવવી છે. તેમાં કંઈ ખોટું નથી. સરકારશ્રીએ પણ પ્રવેશ, નોકરી અને રાજકારણમાં તેમના માટે સીટો અનામત કરી રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દીકરાઓ કરતાં દીકરીઓનું પર્ફોર્મન્સ ચડિયાતું છે, તે ગૌરવની વાત છે.

શિક્ષણમાં વૃદ્ધિ થતા વિચારસરણીમાં પણ ફેરફાર થાય છે, સ્વતંત્રતાનો અનુભવ કરે ત્યાં સુધી ઠીક છે પણ એ સ્વતંત્રતા જ્યારે સ્વછંદતામાં પરિવર્તન પામે છે ત્યારે સમાજ માટે ખતરારૂપ બની જાય છે પછી એ દીકરો હોય કે દીકરી.

સમાજજીવનમાં પુરુષ કરતાં સ્ત્રીએ વધુ જવાબદારીઓ વહન કરવાની હોય છે અને વહન કરે છે. પરિવારમાં સમાયોજન સાધીને સૌનો પ્રેમ પ્રાપ્ત કરવાનો હોય છે. પોતાના વિચારો પરિવારમાં થોપી દેવા માંગે અને બધા પોતાને અનુસરે તેવી વિચારસરણીથી પોતે ચાલશે તો, અનેક પ્રશ્નો ઉભા થાય છે. સ્વતંત્રતા જ્યારે સ્વછંદતા બની જાય છે ત્યારે સામાજિક વ્યવસ્થા તૂટતી હોય છે. પોતાની ઈચ્છા એ વ્યક્તિની પોતાની વ્યક્તિગત એજન્સીનો ઉપયોગ કરવાની, નિર્ણયો લેવાની અને પોતાની ઈચ્છાઓ, ઇરાદાઓ અને પ્રેરણાઓને આધારે પગલાં લેવાની વિભાવનાનો સંદર્ભ આપે છે. આ વિચાર ઘણીવાર સમાજની વ્યક્તિગત સ્વતંત્રતા, સ્વનિર્ધારણ અને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની ક્ષમતાથી સંકુચિતતા તરફ આવીને અટકી જાય છે ત્યાં ભયસ્થાન છે .

પરિવારમાં વડીલો હોવા છતાં પોતાની ક્રિયાઓ પસંદ કરવાની અને સ્વતંત્ર નિર્ણયો લેવાની સ્વતંત્રતા હોય ત્યારે સ્વછંદતા આવી જતી હોય છે. કોઈની રોકટોક યુવાનો અને યુવતીઓ સાંભળવા તૈયાર નથી. મિત્ર-વર્તુળ, રાત્રે મોડા ઘરે આવવું, વ્યસન વગેરે તેમના માટે સામાન્ય બની જાય છે. માતા-પિતા સાથે બીનજરૂરી દલીલો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે અને દિન-પ્રતિદિન

વિભક્ત કુટુંબો અને વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે. બે પેઢી વચ્ચેની મર્યાદાઓની રેખાઓ દુ:ખદ રીતે તુટતી જાય છે.આ બધી ઘટનાઓમાં સોશિયલ મીડિયા નકારાત્મક ભૂમિકા ભજવે છે. ઓસ્ટ્રેલિયામાં 16 વર્ષથી નાની વયના તરુણોને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા બદલ કાયદાથી પ્રતિબંધ લાદવામાં આવ્યો. ગુજરાતમાં દાઉદ વોરા સમાજે 15 વર્ષથી નાના બાળકોના મોબાઈલ ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો. આ એક સારી શરૂઆત છે અન્ય દેશો અને સમાજો પણ આ પ્રતિબંધ લાદવા લાઈનમાં ઊભા છે. ઘરમાં તમામ સભ્યો હાજર હોય, એક જ રૂમમાં હોય છતાં વાતચીત કરતા નથી અને મોબાઇલમાં મસ્ત હોય છે. કેટલાક મેગેઝિન અને ન્યૂઝપેપરના લેખો અને ફોટાઓ પણ સમાજરચનાને ખંડિત કરી રહ્યા છે. ફિલ્મી સ્ટોરીને પોતાના જીવનમાં ઉતારે છે તેના પરિણામો ગંભીર આવે છે જે આપણે જોઈ રહ્યા છીએ.

યુવક કે યુવતી શિક્ષિત બને તે અનિવાર્ય છે કારણ કે વિશ્વના બાળકો સાથે હરિફાઈ કરવાની છે. પ્રતિદિન અપડેટ થવું પડશે. પરંતુ તેની સાથે ભારતીય સંસ્કૃતિની જાળવણી થાય, વડીલો પ્રત્યે આદર જળવાઈ રહે અને ઘરેલુ સમરસતા જળવાઈ રહે તે માટે 'ઘરસભા' જેવા સંસ્કારો માતા-પિતાએ આપવા પડશે. કોઈ નિર્ણય લેવાનો થાય ત્યારે અભિપ્રાય દરેક સભ્યનો લેવાય પણ વડીલોના નિર્ણયને ઘરની વ્યક્તિઓ આદર સાથે સ્વીકારે અને અમલ કરે તે આવશ્યક છે. ઘરના બધા સભ્યો પોતાનો નિર્ણય લેવા માંડશે તો પરિસ્થિતિ શું થશે તેની કલ્પના કરવી અઘરી છે અને પરિણામે ઘરો તૂટશે, જેને કોઈ રોકી શકશે નહિ.

આવો, આપણે સૌ સાથે મળી, ગહન ચિંતન કરી આ દિશામાં નક્કર કામ કરી સમાજ રચનાને સુદૃઢ બનાવીએ. મકાનોના ભાવ એમ જ નથી વધ્યા, પરિવારો તૂટતા જાય છે, તેનું આ પરિણામ છે. એક મનોવૈજ્ઞાનિક તારણ મુજબ આજનું બાળક 8 વર્ષે તરુણ બની જાય છે મતલબ કે સમય કરતાં વહેલો પરિપક્વ થાય છે. જ્યારે એ બાળક દરેક બાબતમાં હું જ સાચો છું એવું માનતો થશે ત્યારે તે હઠાગ્રહને કારણે જિદ્દી બની જશે. પોતાનું ધાર્યું કરાવવા માટે વડીલોને ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરશે અને ધાર્યું કરાવીને જ પોતાનો વિજય થયો તેવો આનંદ લેતો થશે, જે ખતરનાક વાસ્તવિકતા તરફ જઈ રહ્યો છે તે સ્પષ્ટ થાય છે.

શિક્ષણ માત્ર રોજગારી માટે નથી, તેની સાથે સાથે એક શ્રેષ્ઠ નાગરિકનું ઘડતર થાય તે પણ જરૂરી છે. અભ્યાસક્રમમાં પ્રાથમિક સ્તરે જ એવા પાઠો શીખવવા જોઈએ કે જેથી વડીલોની વાતો સ્વીકારતો થાય અને અમલમાં મુકતો થાય.

# આપણી આવતી કાલ એટલે AI, પડકાર યુવા પેઢી માટે...

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

આપણી આવતીકાલ કેવી હશે...? આજથી 50 વર્ષ પહેલાં કેવી ટેકનોલોજી હતી અને આજે શું છે...? પરંતુ આવતીકાલે કેવી હશે તે કલ્પના કરવી અઘરી છે, પરંતુ એ ચોક્કસ આપણા સૌના માટે પડકાર સમાન બની રહેશે. તેમાં AI એક મહત્ત્વનો હિસ્સો બની રહેશે.

AI, એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence), એ એક એવી ટેકનોલોજી છે જે કમ્પ્યુટર સિસ્ટમ્સ અને મશીન્સને માનવ જેવી બુદ્ધિમત્તા અને ક્ષમતાઓ સાથે કામ કરવાની તાલીમ આપે છે. AI એ મશીન લર્નિંગ, ડીપ લર્નિંગ, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP), કમ્પ્યુટર વિઝન અને રોબોટિક્સ જેવી ઉપટેકનોલોજીઓનો ઉપયોગ કરે છે. આ ટેકનોલોજીનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં થાય છે, જેમ કે હેલ્થકેર, ફાઇનાન્સ, એજ્યુકેશન, ટ્રાન્સપોર્ટેશન, મનોરંજન અને ઘણા બીજા.

**આવનાર સમયમાં AIનું મહત્ત્વ**

આવનાર સમયમાં AIનું મહત્ત્વ વધુ ને વધુ વધતું જશે. AI એ આપણી રોજબરોજની જીવનશૈલીને પ્રભાવિત કરશે અને વિવિધ ઉદ્યોગોમાં ક્રાંતિકારી ફેરફારો લાવશે. નીચે મુજબ AI નું મહત્ત્વ સમજાવી શકાય :

1. **ઓટોમેશન અને એફિશિયન્સી :** AI એ મશીન્સ અને સિસ્ટમ્સને સ્વયંચાલિત બનાવવામાં મદદ કરે છે, જેના કારણે માનવીય ભૂલો ઘટે છે અને કાર્યક્ષમતા વધે છે. ઉદાહરણ તરીકે, મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રીમાં રોબોટ્સ દ્વારા સ્વયંચાલિત પ્રોસેસિંગ.
2. **ડેટા એનાલિસિસ અને પ્રિડિક્શન :** AI એ મોટા પ્રમાણમાં ડેટાને એનાલાઇઝ કરીને ભવિષ્યવાણી કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, હેલ્થકેરમાં રોગોની આગાહી કરવી અને ફાઇનાન્સમાં માર્કેટ ટ્રેન્ડ્સની આગાહી કરવી.
3. **પર્સનલાઇઝ્ડ એક્સપિરિયન્સ :** AI એ વપરાશકર્તાઓને વ્યક્તિગત અનુભવો પ્રદાન

કરે છે. ઉદાહરણ તરીકે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પર્સનલાઇઝ્ડ કન્ટેન્ટ અને ઇ-કોમર્સ વેબસાઇટ્સ પર પર્સનલાઇઝ્ડ શોપિંગ સુઝાવ્યો.

4. **ઇનોવેશન અને રિસર્ચ :** AI એ વૈજ્ઞાનિક અને તકનીકી સંશોધનમાં નવી શક્યતાઓ ખોલી છે. ઉદાહરણ તરીકે, ડ્રગ ડિસ્કવરી અને સ્પેસ એક્સપ્લોરેશન.
5. **સોશિયલ અને એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ :** AI એ સમાજ અને પર્યાવરણ પર સકારાત્મક પ્રભાવ પાડે છે. ઉદાહરણ તરીકે, સ્માર્ટ એગ્રિકલ્ચર અને ક્લાઇમેટ ચેન્જ મૉનિટરિંગ.

**AI ના ફાયદા**

1. **કાર્યક્ષમતા અને ઉત્પાદકતા :** AI એ માનવીય ભૂલો ઘટાડીને કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારે છે.
2. **24/7 ઉપલબ્ધતા :** AI સિસ્ટમ્સ 24/7 કામ કરી શકે છે, જેના કારણે માનવીય સ્રોતોની જરૂરિયાત ઘટે છે.
3. **ડેટા એનાલિસિસ :** AI એ મોટા પ્રમાણમાં ડેટાને ઝડપથી અને સચોટ રીતે એનાલાઇઝ કરી શકે છે.
4. **નવીનતા અને સંશોધન :** AI એ નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપે છે, જેના કારણે નવી ટેકનોલોજીઓ અને ઉત્પાદનો વિકસિત થાય છે.
5. **સુરક્ષા અને સલામતી :** AI એ સુરક્ષા અને સલામતીને વધારે છે, ઉદાહરણ તરીકે, સાઇબર સુરક્ષા અને સર્વિલન્સ સિસ્ટમ્સ.

**AI ના ગેરફાયદા**

1. **નોકરીઓ પર અસર :** AI એ ઓટોમેશનના કારણે કેટલીક નોકરીઓને ખતમ કરી શકે છે, જેના કારણે બેરોજગારી વધી શકે છે.
2. **ડેટા પ્રાઇવેસી અને સુરક્ષા :** AI એ મોટા પ્રમાણમાં ડેટાનો ઉપયોગ કરે છે, જેના કારણે ડેટા પ્રાઇવેસી અને સુરક્ષાની ચિંતાઓ વધી છે.
3. **ખર્ચ અને જટિલતા :** AI સિસ્ટમ્સનો વિકાસ અને જાળવણી માટે મોટો ખર્ચ અને જટિલતા જરૂરી છે.
4. **નૈતિક ચિંતાઓ :** AI એ નૈતિક ચિંતાઓ ઊભી કરી છે, જેમ કે બાયસ્ડ ડિસિઝન

મેકિંગ અને AI નો દુરુપયોગ.

5. **માનવીય સંબંધો પર અસર :** AI એ માનવીય સંબંધો અને સામાજિક કૌશલ્યો પર નકારાત્મક અસર પાડી શકે છે.

**યુવાનો માટે AI એ પડકાર છે?**

યુવાનો માટે AI એ એક પડકાર અને તક બંને છે. નીચે મુજબ આ પડકારો અને તકો સમજાવી શકાય :

1. **શિક્ષણ અને કૌશલ્યો :** યુવાનોને AI અને ટેકનોલોજીમાં કૌશલ્યો વિકસાવવાની જરૂર છે. AI એ નવા કૌશલ્યો અને શિક્ષણની તકો પ્રદાન કરે છે, પરંતુ તેમણે પરંપરાગત કૌશલ્યોને અપડેટ કરવાની જરૂર છે.
2. **કારકિર્દીના પરિવર્તનો :** AI એ કારકિર્દીના પરિવર્તનો લાવશે, જેમાં નવી નોકરીઓ સર્જાશે અને કેટલીક નોકરીઓ ખતમ થશે. યુવાનોને આ પરિવર્તનો સાથે અનુકૂળ થવાની જરૂર છે.
3. **નવીનતા અને સ્ટાર્ટઅપ્સ :** AI એ યુવાનોને નવીનતા અને સ્ટાર્ટઅપ્સ માટે તકો પ્રદાન કરે છે. યુવાનો AI નો ઉપયોગ કરીને નવા ઉત્પાદનો અને સેવાઓ વિકસાવી શકે છે.
4. **નૈતિક અને સામાજિક જવાબદારીઓ :** યુવાનોને AI ના નૈતિક અને સામાજિક પાસાઓ સમજવાની જરૂર છે. તેમણે AI નો ઉપયોગ જવાબદારીથી અને નૈતિક રીતે કરવો જોઈએ.
5. **ગ્લોબલ કમ્પીટિશન :** AI એ ગ્લોબલ કમ્પીટિશનને વધુ તીવ્ર બનાવશે. યુવાનોને આ કમ્પીટિશન સાથે સફળતાપૂર્વક સામનો કરવા માટે તૈયાર રહેવાની જરૂર છે.

AI એ આધુનિક ટેકનોલોજીનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે જે આપણી જીવનશૈલી, કારકિર્દી અને સમાજને પ્રભાવિત કરશે. તેના ફાયદા અને ગેરફાયદા બંને છે, અને યુવાનો માટે તે એક પડકાર અને તક બંને છે. યુવાનોને AI ના પરિવર્તનો સાથે અનુકૂળ થવા માટે તૈયાર રહેવાની જરૂર છે અને તેનો ઉપયોગ જવાબદારીથી અને નૈતિક રીતે કરવો જોઈએ. AI નું ભવિષ્ય ખૂબ જ તેજસ્વી છે, અને તે આપણી સમાજ અને અર્થવ્યવસ્થા માટે નવી શક્યતાઓ ખોલી શકે છે.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

**અમારા અન્ય સોફ્ટવેર**

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- Online Examination (MCQ) System

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/ શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of $10^{th}$ & $12^{th}$
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

**WEBSITE**

**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704, 079 – 40054004














SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023
Published on 28th Day of Every Month

# શ્રદ્ધાંજલી



## સ્વ. અમૃતભાઈ માધવલાલ પટેલ (મુખી)

સધિયારા થકી સથવારો
સ્નેહીશ્રી ભાનુપ્રસાદ તથા પરિવાર,

પરિવારમાંથી કોઈ પણ સ્વજનનું જવું – ક્ષણિક કે કાયમી એ આપણો માનવસહજ સ્વભાવ કયારેય સ્વીકારી શક્તો નથી જ! અને જ્યારે આ ‘જવાનું’ કાયમી હોય ત્યારે હૃદય, મન અતિ વ્યથિત થાય, ખીન્ન થાય જ તે ખૂબ જ સ્વાભાવિક છે.

પૂ.વ.શ્રી અમૃતકાકાની આકસ્મીક જ થયેલી અંનતયાત્રા પણ આવી જ પીડા અને વ્યથાની અનુભૂતિ કરાવી ગઈ. પરંતુ ઇશ્વરે યોજેલી આ રચનામાં આપણે માનવ કશુંય કરી શકતા નથી –સિવાય નમ્ર સ્વીકાર! પૂ. કાકાએ સિંચેલા સંસ્કારોને તો સદા તમ સહુએ નિભાવ્યા જ નહીં પણ શોભાવ્યા પણ છે .આ જ સંસ્કારનુ ઝરણું આગળની પેઢીને પણ નિર્મળ – નિર્ભળ બનાવે તેવુ જીવન બને તે જ કાકાને સાચી શ્રદ્ધાંજલી રહેશે.

શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં પ્રયોજેલા, સત્ય “આત્મા શરીર બદલે” સમજવા છતાં પણ શોક–વ્યથાની ક્ષણો દરમિયાન કદાચ આ સમજણ સ્વીકારવી મુશ્કેલ બનતી હોય છે. ઈશ્વર – ચરણમાં લીન થયેલ સ્વજનને આપણે ઈશ્વર – સ્મરણથી શાશ્વત શાંતિ અને અંતઃકરણની શ્રદ્ધાંજલી આપી શકોએ.

સંબંધોનું કોઈ પણ સ્વરૂપ હોય પરંતુ પિતા સ્વરૂપે આપણી સાથે હોય અને તેની સેવા કરવાની તક મળવી એ ઈશ્વરનો પ્રસાદ જ હોય. તમો સપરિવાર આ પ્રસાદને મન ભરીને પામ્યા. તમે સહુએ અનાસક્ત રહોને આપેલો સેવાનો અદર્ય; દિવંગતને ઇશ્વર તરફની અનંત યાત્રામાં હળવાશ આપશે.

બનતી ત્વરાએ પરમ કૃપાઉ પરમાત્મા આપ પરિવારનાં મનને સ્વસ્થ છવાનું બળ પુરું પાડે તેવી પ્રભુ ને પ્રાર્થના!

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

લી.

ગુજરાત રાજ્યના હોદ્દેદાર તથા તમામ જિલ્લાના હોદ્દેદારો અને રાજ્યના સર્વે આચાર્ય મિત્રો

| | |
|---|---|
| રવાના :<br>**શ્રી અમિત આર. પંડ્યા**<br>શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,<br>સુખરામ નગર, ગોમતીપુર,<br>અમદાવાદ-૩૮૦૦૨૧<br>મો. ૯૯૭૪૫૨૫૨૩૨ | બુક-પોસ્ટ<br>પ્રતિ, શ્રી, ________________<br>________________<br>________________ |

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.